# રાજ્યમાં કોરોના બેકાબૂ : નવા ૧૦૩૪૦ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૦ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૩૭૫૪૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૬૯૪ કેસ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં કોરોના હવે દિવસેને દિવસે વધારે બેકાબુ બનતો જઈ રહ્યો હોય તેમ લાગી રહ્યુ છે. રોજેરોજ આંકડા જે પ્રકારની છલાંગો લગાવી રહ્યા છે તે જોતા ગુજરાત પણ મહારાષ્ટ્રનાં રસ્તે જઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યમાં આજે ૧૦,૩૪૦ નવા કોરોનાના કેસ નોંધાયા. જ્યારે ૩૯૮૧ લોકો સાજા થયા છે. અત્યાર સુધી કુલ ૩,૩૭,૫૪૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર પણ ઘટીને ૮૩.૪૩ ટકાએ પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૮૮,૮૦,૯૫૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૧૪,૦૭,૦૫૮ નાગરિકોનું બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૧,૦૨,૮૮,૦૧૨ રસીકરણનાં ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે ઉંમરનાં અને ૪૫થી ૬૦ વર્ષનાં કુલ ૬૫,૯૦૧ લોકોને પ્રથમ ડોઝ અને ૪૩,૯૬૬ લોકોને બીજા ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું. જો કે રાજ્યમાં હજી સુધી કોઈને રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૦,૩૪૦ દર્દીઓ નોંધાયા છે. રાજ્યમાંથી ૩૯૮૧ દર્દીઓ સાજા થયા છે.

આ સાથે રાજ્યનો રિકવરી રેટ પણ ગગડીને ૮૩.૪૩ ટકા પર પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૩,૩૭,૫૪૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો ૬૧૬૪૭ એક્ટિવ કેસ છે. જ્યારે ૩૨૯ લોકો વેન્ટિલેટર પર છે. ૬૧૩૧૮ લોકો સ્ટેબલ છે. ૩૩૭૫૪૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૫૩૭૭ લોકોનાં મોત નિપજ્યાં છે.

આજે કોરોનાને કારણે કુલ ૧૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશન ૨૭, સુરત કોર્પોરેશન ૨૪, રાજકોટ કોર્પોરેશન ૯, વડોદરા કોર્પોરેશન ૮, સુરેન્દ્ર નગર ૭, ગાંધીનગર ૪, સુરત ૪, ભરૂચ ૩, જામનગર ૩, જામનગર કોર્પોરેશન ૩, બનાસકાંઠા ૨, મહેસાણા, મોરબી, રાજકોટ, સાબરકાંઠા, વડોદરામાં ૨-૨ અને અમદાવાદ, અરવલ્લી, દેવભુમિ દ્વારકા, ગાંધીનગર કોર્પોરેશન, જુનાગઢ અને ખેડામાં ૧-૧ વ્યક્તિઓનાં મોત નિપજ્યાં છે.

## કોરોના કોર્નર

- ગૃહમંત્રી અમીત શાહે લોકડાઉન અંગે જણાવ્યું કે રાજ્યો સાથે ચર્ચા બાદ નિર્ણય કરાશે.
- દિલ્હીમાં વણસતી સ્થિતિમાં તાત્કાલિક ૫૦૦૦ કોવિડ બેડ માટે રેલવે સ્ટેશન પર રેલવે કોચ માટે માંગણી કરી.
- દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ધીરૂભાઈ નારણભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત.
- અમદાવાદમાં વસ્ત્રાલ ગ્રાઉન્ડ ખાતે બીજુ ડ્રાઈવ, થ્રુ આર.ટી.પી.સી.આર. ટેસ્ટના કેન્દ્રો શરૂ કરાશે.
- રેમડેસીવીર ઈન્જેક્શનનું ઉત્પાદન ત્રણ ઘણું કરવા કેન્દ્રીય મંત્રી માંડવીયાની જાહેરાત.
- જેઈઈ એપ્રિલમાં યોજાનાર મેઈમ્સની પરીક્ષા મોકુફ.
- મધ્યપ્રદેશમાં શડહોલ કોલેજના ૨૨ વિદ્યાર્થીઓના કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ.
- મહારાષ્ટ્ર જેવો ડબલ ન્યુટેશન વાયરસ હવે ગુજરાતમાં.
- ગુજરાતની કંપનીમાં બનાવેલ ૪.૭૫ કરોડના રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો મુંબઈ પોલીસે કબજે લીધો.
- રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયાના પરિવારમાં ૩૫ માંથી ૩૧ સભ્યો કોરોનાથી સંક્રમિત.
- યુ.એન. મહેતા હોસ્પિટલમાં વધુ ૧૬૦ ઓક્સીજન બેડ તૈયાર કરાયા.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં તમામ પ્રવાસીનો કોરોના ટેસ્ટ કરાશે

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગેટ નંબર ૫માં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે

નર્મદા, તા. ૧૮

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા તમામ પ્રવાસીઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવશે. જો નેગેટિવ રિપોર્ટ આવશે તો જ સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલમાં પ્રવેશ આપવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગેટ નમ્બર ૫ ખાતે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. દરેક પ્રવાસીએ પ્રવેશ પહેલા ફરજીયાત આ ટેસ્ટ કરાવવાનો રહેશે. નહી તો ૭૨ કલાક જુનો આરટીપીસીઆર ટેસ્ટ દેખાડવાનો રહેશે. જો ટેસ્ટ નહી હોય તો ગેટ પર ટેસ્ટ કરાવીને તેનો રિપોર્ટ નેગેટિવ આવે તો જ અંદર પ્રવેશ મળશે.

દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે બની છે. જ્યાં અલગ અલગ રાજ્યોમાંથી અને ગુજરાતમાંથી પ્રવાસીઓ આ પ્રતિમાને જોવા આવી રહ્યાં છે.

હાલ કોરોના મહામારીનો કહેર સમગ્ર દેશમાં વર્તાઈ રહ્યો છે, ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા પ્રવાસીઓ માટે નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર દ્વારા અહીં આવનાર તમામ પ્રવાસીઓનું થર્મલ ગનથી સ્કેનિંગ કરીને જ તેમને જવા દેવામાં આવી રહ્યા છે. પરંતુ હવે નવો કોરોના સ્ટ્રેન હોય તેવી વ્યક્તિને તાવ જેવા લક્ષણ પણ દેખાતા નહી હોવાનાં કારણે તંત્ર દ્વારા હવે ટેસ્ટ ફરજીયાત કરવાનો નિર્ણય લીધો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગેટ નંબર ૫ ખાતે જ્યાંથી પ્રવાસીઓને એન્ટ્રી આપવામાં આવે છે, ત્યાં આરોગ્ય વિભાગ દ્વારા એન્ટિજન ટેસ્ટ પણ કરવામાં આવે છે. જો કોઈ પ્રવાસીના શરીરનું તાપમાન વધુ હોઈ અને જો એનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોઈ તો તેમને સ્ટેચ્યુના પરિસરમાં પ્રવેશ આપવામાં આવતો નથી. પ્રવાસીને ત્યાંથી જ પોતાના જિલ્લામાં સારવાર અર્થે મોકલી આપવામાં આવે છે. બે દિવસ માં લગભગ ૫૦૦ જેટલા પ્રવાસીઓનો ટેસ્ટ કરવામાં આવ્યો છે. જે લોકો પોઝિટિવ આવ્યા છે તેમને આપવામાં નથી આવ્યો અને નેગેટિવ આવનાર પ્રવાસીઓને પ્રવેશ અપાય રહ્યો છે.

# હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની લાઈન અમને પણ ગમતી નથી : નીતિન પટેલ

## ઓક્સિજન, બેડ અને ઈન્જેક્શન વધારવા સરકાર દ્વારા સતત પ્રયાસો : કેસ સામે સુવિધા ઉભી કરવાનો પડકાર

ગાંધીનગર, તા. ૬

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે યુ.એન.મહેતા હોસ્પિટલની મુલાકાત લઈને દર્દીઓને દાખલ થવાની કામગીરી અને બેડ વધારવાની સુવિધા અંગેનો રીવ્યુ કરી સમીક્ષા કરી હતી. જેના બાદ પત્રકારો સંબોધન કરતા નાયબ મુખ્યમંત્રી (હૈંહ્ટ્રીઙ્ઘ) એ કહ્યુ હતું કે, રાજ્ય અને દેશમાં કોરોનાના દર્દીની સંખ્યા અચાનક છેલ્લા ૧૦ થી ૧૨ દિવસમાં વધ્યા છે. ગુજરાતમાં પણ ૯૦૦૦ દર્દી પોઝિટીવ આવી રહ્યાં છે. પહેલા પીકમાં ગુજરાતના માત્ર કેટલાક વિસ્તારમાં જ કોરોનાનું સંક્રમણ જોવા મળ્યું હતું. પરંતુ બીજા પીકમાં ગુજરાતનો કોઈ જિલ્લો બાકી રહ્યો નથી. અમારી વ્યવસ્થા સામે દર્દીની સંખ્યા વધારે છે. જે બેડ ઉભા કરીએ તેની સામે કેસ વધતાં વધારે વ્યવસ્થાની સુવિધા ઉભા કરવાનો પડકાર આવે છે. ઓક્સિજન, બેડ વધારવા, ઈન્જેક્શન વધારવાનો સરકાર દ્વારા સતત પ્રયાસો થઈ રહ્યાં છે.

તેમણે કહ્યું કે, સરકારની, કોર્પોરેશનની અને ખાનગી હોસ્પિટલો એ તમામ જગ્યાએ પથારીઓ ભરેલી છે. તેથી જ વિનંતી છે કે, જરૂરિયાત મુજબના દર્દી જ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખો. સિવિલ હોસ્પીટલ સરકારની સૌથી મોટી હોસ્પિટલ છે. તેથી આરોગ્ય વિભાગની જવાબદારી છે કે હોસ્પિટલ આવેલ દર્દીને દાખલ કરવાનો ડોકેટર પ્રયત્ન કરે છે. બીજી હોસ્પીટલ વધતી ઓછી જવાબદારી નિભાવતા હોય, પણ સરકાર તમામ દર્દીને સિવિલમાં દાખલ કરવા કટીબદ્ધ છીએ. તેથી ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં અહી ભલે લાઈન લાગે, આ ચિત્ર સારુ નથી, આ શોભતુ નથી, પણ આ અમારી મજબૂરી છે. ૧૦૮ માં પણ દર્દી હોય, તો પણ તેમાં ઓક્સિજન ચાલુ રાખીને દર્દીનો જીવ બચાવવાનો પ્રયાસ કરીએ છીએ. જેમ બેડ ખાલી થાય તેમ અમે દર્દીને દાખલ કરીએ છીએ. નાયબ મુખ્યમંત્રીએ રાજ્યની હોસ્પિટલની માહિતી આપતા કહ્યું કે, દર્દીઓને રાખવા માટે જગ્યા ઓછી પડી રહી છે. તેથી જેટલું બને તેટલી વધુ બેડ ઉભા કરવામાં આવી રહ્યાં છે. ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોનનું પ્રમાણ વધી રહ્યું છે.

૧૦૮ પર બે પ્રકારનું ભારણ વધ્યું છે. કોરોનાની સાથે સામાન્ય દર્દીઓ જેમ કે રોડ અકસ્માત અને બીજી બીમારીના દર્દીઓ પણ ફોન કરી રહ્યાં છે. અનેક ફોન આવવાને કારણે લાઈન બિઝી મળી રહી છે. હાલ દર્દીઓને એમ્બ્યુલન્સ મેળવવામાં મુશ્કેલી થઈ રહી છે. મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફ પર ભારણ વધી રહ્યું છે. હાલ તમામ તબીબો રજા માંગ્યા સિવાય તમામ લોકો કામ કરી રહ્યાં છે. હાલ જે વેવ ચાલી રહી છે, તેને કારણે અમારી કેપેસિટી કરતા મોટી જરૂરિયાત વધી છે. તેથી અમે વ્યવસ્થા વધારવાનું કામ અમે કરી રહ્યાં છે. બીજા ફેઝનો વાયરસ સીધો ફેફસા પર અસર છે. જે દર્દી અહી આવે છે તે શ્વાસની તકલીફ વાળા આવે છે. નર્સીંગ અને ડોકેટર સ્ટાફ સાથે અત્યારથી ભરવાની ૧૦૮ ને સૂચના અપાઈ છે. મંજુશ્રી હોસ્પિટલમાં વધુ ૮૦ પથારીની સુવિધા ઉભી કરાઈ છે. કુલ ૨૪૦ નવી પથારી ઊભી કરી છે. કેન્સર હોસ્પીટલમાં આવતીકાલ? સાંજ સુધી માં ૩૦ પથારી ઊભી કરાશે. જીએમડીસીમાં ૯૦૦ બેડની હોસ્પિટલ એક અઠવાડિયામાં પ્રાપ્ત થશે.

ગુજરાતમાં તમામ હોસ્પિટલમાં કોરોનાની સારવાર વિનામૂલ્યે આપીએ છીએ. ખર્ચની ચિંતા કરતા નથી. પ્રધાનમંત્રી વાત્સલ્ય યોજના એ ભારત સરકારની યોજના છે, તેથી તેમા કોરોનાની સારવારને લગતો જે પણ નિર્ણય કરવાનો હોય તે નિર્ણય ભારત સરકારે કરવાનો રહેશે.

**● જિલ્લામાં કોરોનાનો હાહાકાર** (પાના નં. ૮નું ચાલુ)

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭૮ દર્દીઓ રિકવર થતાં તેમને કોરોનામુક્ત જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૦૯૧ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૮૩૪૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં આજે ૧૨૭૪ લોકોને રસીકરણ અભિયાનમાં આવરી લેવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૭૧ કેસ નોંધાયા છે. શહેરમાં વધતા જતા સંક્રમણને પગલે સ્તબ્ધ બનેલ તંત્ર આજે પણ સતત દોડતુ રહ્યુ હતુ.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં મોટીવયના દર્દીઓની સંખ્યા પ્રમાણમાં વધારે હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું હવે સઘન મોનીટરીંગ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં ૨૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. બીજી લ્હેરમાં મહિલા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં હોસ્ટેલ ઈન્ચાર્જ, આસિસ્ટંટ, ઈલેક્ટ્રીશ્યન, સરકારી અધિકારી, શિક્ષક, બે વેપારી, શિક્ષક, ગૃહપતિ, સુપરવાઈઝર, વેટનરી ડૉક્ટર, એડવોકેટ, શિક્ષણના અધિકારી, સરકારી અધિકારી, વહીવટી અધિકારી, ડૉક્ટર, નાયબ સેક્શન અધિકારી, પેથોલોજી લેબની કર્મયોગીની, ત્રણ પોલીસ કર્મચારી, ક્લાર્કનો સમાવેશ થાય છે.

આજે સે. ૨ માં થી ૧૧ કેસ, સે. ૭ માંથી ૭ કેસ, સે. ૮, ૨૩, ૨૭, ૨૨, ૧૩, ૩૦ માંથી ૪-૪ કેસ, સે. ૧૯, ૬, ૫, ૧૪ માંથી ૩-૩ કેસ તથા સે. ૨૬, ૪, ૨૮, ૨૧ માંથી ૨-૨ કેસ અને સે. ૨૯, ૨૦ તેમજ બોરીજ ગામમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી છુટા છવાયા કેસો મળવા ઉપરાંત અગાઉ હોટસ્પોટ બનેલા સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કરતાં કહ્યુ છે કે આજે વધુ ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૬૨૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને નવ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

કોરોના સામે
સાવચેતી તમારી,
સારવારની
વ્યવસ્થા અમારી
- ગુજરાત સરકાર



| | |
|---|---|
| કોરોનાથી સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા | ૩,૨૯,૭૮૧ |
| અત્યાર સુધી રાજ્ય સરકાર દ્વારા ખરીદ કરવામાં આવેલ રેમડેસિવીર ઈન્જેક્શન | ૭,૭૯,૩૦૦ |
| રાજ્યભરમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કુલ બેડની સંખ્યા | ૭૬,૪૫૭ |
| રાજ્યમાં અત્યાર સુધી કુલ આપવામાં આવેલા વેક્સિનના ડોઝ | ૧,૦૧,૬૫,૯૮૦ |
| રાજ્યમાં સેવા આપી રહેલા કુલ આરોગ્ય કર્મચારીઓ અને આશા વર્કર | ૧,૪૯,૦૦૦ |
| રાજ્યમાં હાલમાં કાર્યરત ધન્વંતરી આરોગ્ય રથ અને સંજીવની રથ | ૩,૦૦૦ |
| રાજ્યમાં સરેરાશ પ્રતિદિન કરવામાં આવી રહેલા કોરોના ટેસ્ટ | ૧,૫૫,૦૦૦ |

ઓક્સિજન

પંદર દિવસ પહેલા પ્રતિદિન ૧૫૦ મેટ્રીક ટન ઓક્સિજનનો ઉપયોગ થતો હતો, જે આજે વધીને ૭૩૦ મેટ્રીક ટન ઓક્સિજન સુધી પહોંચ્યો છે.

ચાર મહાનગરોમાં ઓક્સિજનના કુલ ઉત્પાદનના ૧૦૦% તથા અન્ય જિલ્લા-કોર્પોરેશનમાં કુલ ઉત્પાદનના ૭૦% ઓક્સિજન દર્દીઓને મળે તે માટે સરકારે વ્યવસ્થા કરી છે.

કોરોનાથી ડરવાની જરૂર નથી પણ તેનાથી બચવા માટે પૂરેપૂરી સાવચેતી રાખવી જરૂરી છે

N

કોરોનાને નાથવા રાજ્ય સરકારના પ્રયાસોને સાવચેતી, સલામતી અને રસીકરણનો મંત્ર અપનાવીને સહયોગ આપીએ

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત